# આઈઆઈટીઈ ખાતે 'સેક્સ્યુઅલ કલ્ચર્સ' વિષયે વર્કશોપ યોજાયો



ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલૉજી, ગાંધીનગર ખાતે 'સેક્સ્યુઅલ કલ્ચર્સ એન્ડ યુથ' વિષયે ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્સ્ટીટ્યુટના હ્યુમેનિટિઝ અને સોશિયલ સાયન્સ વિભાગ દ્વારા પૉપ્યુલેશન ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાના સહયોગથી 'સેક્સ્યુઅલ કલ્ચર્સ : યુથ, બૉડી એન્ડ ધી માર્કેટ' વિષયે એક દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો, જે અંતર્ગત આ ડિબેટ યોજાઈ હતી. પંડિત દિનદયાલ યુનિવર્સિટી, આઈઆઈટી, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ પબ્લિક હેલ્થ, સંબલપુર યુનિવર્સિટી (ઓરિસ્સા), ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈકોનોમિક્સ ગ્રોથ (ન્યુ દિલ્હી) અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ એડવાન્સ્ડ સ્ટડી (બેંગ્લોર)ના ૩૬ જેટલા સભ્યોએ આ વર્કશૉપમાં ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



ધ્રુવમ દિપકકુમાર રૂપાકર
મો. ૯૪૨૭૦ ૧૬૮૩૨



રસિકલાલ આર દવે
નિવૃત્ત ઈલેક્ટ્રીક સુપરવાઈઝર
સરકારી છાપકામ
અને લેખન સામગ્રી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## નિરંજન ભગતના જન્મદિન નિમિત્તે ૧૮મીએ ત્રણ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

'નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા નિરંજન ભગતના જન્મદિવસ નિમિત્તે તા. ૧૮મી મેના રોજ ત્રણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વ્યાખ્યાન : પ્રથમ 'નિરંજન ભગત મેમોરિયલ વ્યાખ્યાન' હિન્દી સાહિત્યના જાણીતા કવિ-વિવેચક અશોક વાજપાઈ ''કવિતાનું સત્ય'' ઉપર ૫.૩૦ વાગે આપશે.

ઍવોર્ડ : પ્રથમ 'નિરંજન ભગત મેમોરિયલ એવોર્ડ' આ કાર્યક્રમમાં જાણીતા વિદ્વાન-અનુવાદક ડૉ. ત્રિદીપ સુહૃદને અશોક વાજપઈના હસ્તે ઓનાયત કરવામાં આવશે.

'કાવ્યપઠન' : ઉપરોક્ત કાર્યક્રમ પહેલાં ૪.૦૦ વાગે હિન્દી સાહિત્યના પ્રખ્યાત કવિ અશોક વાજપાઈ પોતાનાં કાવ્યોનું પઠન કરશે. નિરંજન ભગતની સ્મૃતિમાં રચાયેલા 'નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા આ ત્રણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જી.આઈ.સી.ટી સભાગૃહ, અમદાવાદ યુનિવર્સિટી, એમ.જી.સાયન્સ કૉલેજ પાસે, અમદાવાદ ખાતે સાંજે ૪.૦૦થી ૭.૦૦ દરમિયાન આ કાર્યક્રમો યોજવામાં આવશે.



રાષ્ટ્રકક્ષાની છઠ્ઠી વેસ્ટ જોન જંપ રોપ ચેમ્પિયનશિપ મહારાષ્ટ્રના નાસિક શહેર ખાતે યોજવામાં આવી હતી, જેમાં જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૨૯ ખેલાડી બેહેનોએ ભાગ લીધો હતો. ૪ ગોલ્ડ મેડલ, ૨૨ સિલ્વર મેડલ અને ૫ બ્રોન્ઝ મળી કુલ ૩૧ મેડલ મેળવી આ ટીમે શાળા નું ગૌરવ વધાર્યું હતું. ટીમના મેનેજર તરીકે મીનાક્ષીબેન સુતરીયા અને કોચ તરીકે લીલાબેન ચૌધરીએ સેવા આપી હતી.


## ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૧૭મી મેથી ભાષાસાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દર મહિનાની ૧૭મી તારીખથી અઠવાડિયા સુધી આયોજિત થતા વિવિધ વિષયના પુસ્તક પ્રદર્શનમાં, તા. ૧૭ મે થી તા. ૨૫ મે દરમિયાન હરિવલ્લભ ભાયાણીના જન્મદિવસ (૨૬ મે) નિમિત્તે ભાષાવિજ્ઞાનનાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

સૌ સાહિત્યરસિકોને તેનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે. પ્રદર્શન સવારના ૧૧થી સાંજના ૬ કલાક સુધી શ્રી ચી મં. ગ્રંથાલય, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા પાછળ, નદી કિનારે, આશ્રમરોડ, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે.

## ગાંધીનગરના ઑરેન્જ ફ્રેમ પ્રૉડક્શન દ્વારા વેબસિરીઝ 'બૂમરેંગ'નું નિર્માણ હાથ ધરાયું




ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના ઓરેન્જ ફ્રેમ પ્રોડકશન દ્વારા સૌપ્રથમ વાર 'બૂમરેંગ' વેબસીરીઝનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે, જેનું પોસ્ટર ગાંધીનગર ખાતે લૉન્ચ કરવામાં આવ્યું હતું. સિરીઝની સ્ટોરી અને ડાયરેકશન નવોદિત રાહુલ વાણિયા દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગરનાં નાટયક્ષેત્રના ખૂબ જ જાણીતા અને ગુજરાત ગૌરવ અવોર્ડ દ્વારા સન્માનિત કલાકાર અખ્તર સૈયદ દ્વારા આ સિરિઝમાં મુખ્ય કિરદાર નિભાવવામાં આવ્યો છે. ઉપરાંત અતુલ લાખાણી, ગીતાંજલી વાજપાઈ, નિરવ પરમાર અને ક્રિષ્ના જોષી પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવા મળશે.

આ વેબસિરિઝના વિશે જણાવતા રાહુલ વાણિયાએ જણાવ્યું છે કે સ્ટોરીનો પ્લોટ મૂળતર માનવીય સ્વભાવ સાથે સંલ્ગન છે જેના કારણે હાસ્ય નિસ્પંદ થાય છે જેમાં માણસ દિલદાર હોય, ઉડાઉ હોય, ધાર્મિક હોય, અથવા કંજૂસ હોય ટૂંકમાં સ્વભાવનો કોઈપણ અતિરેક એને ફાયદા કરતા નુકસાન વધુ કરતો હોય છે. હવે ગાંધીનગર માં પણ ઘણા સારા પ્લેટફોર્મ છે જેથી તમે અહીંયા પણ એક સારી પ્રોડક્શન કરી શકો છો અને હવે ફિલ્મ મેકિંગ ખાલી મુંબઈ સુધી જ સીમિત રેહતું નથી. અમદાવાદ ઈન્ડસ્ટ્રી પણ સારી રીતે ગ્રો કરી રહી છે જેથી અહીંના કલાકાર ને અહીંયા જ સારું પ્લેટફોર્મ મળી શકે એવી તકો ઊભી થઈ છે.




ગાંધીનગર, તા. ૧૫

ફિનકેર કમ્યુનિટી ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા દહેગામના લક્ષ્મીપુરા, સિલોટિયા, વડોદરા જેવાં વિવિધ ગામોમાં નાણાકીય સાક્ષરતા અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહિલાઓને વિવિધ બૅંકિંગ સુવિધાઓ, સુરક્ષિત નાણાકીય લેવડદેવડ અનો કેશલેસ નાણાકીય વ્યવહારો અંગેની માહિતી સીએસઆર મેનોજર તોજસ જોશી દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહિલાઓને ફાઉન્ડેશન દ્વારા પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત ઉપસ્થિત બાળકોને સ્કૂલબેગની ભેટ અર્પણ કરવામાં આવી હતી.

## ગાંધીજીનો વિનોદ

॥ ઓગણત્રીસમો મણકો ॥

### ૭૯ - એ ચીજ કઈ ?

એક વાર જનરલ સ્મટ્સે ગાંધીજીને પોતાને ત્યાં બોલાવ્યા હતા. એક યોદ્ધાનું બીજા યોદ્ધાને એ આમંત્રણ હતું. ગાંધીજી આમંત્રણનો સ્વીકાર કરી સ્મડ્સને ત્યાં ગયા. સ્મટ્સે તેમને હસ્તધૂનન કરી આવકાર્યા અને પોતાના ઘરમાં લઈ ગયા. સ્મટ્સનું રાચરચીલું ગાંધીજી જોઈ રહ્યા હતા. જોતાં જોતાંબંને જણ એક કબાટ પાસે આવ્યા. તેમાં સ્મટ્સને મળેલી બધી ભેટો હતી. તે ભેટોમાંથી એક ચામડાની સાદી ચપ્પલ બહાર કાઢી સ્મટ્સે પૂછ્યું,

મિ. ગાંધી, આ ચીજ કોણે આપેલી તે યાદ આવે છે ?

તમારી તોપ-બંદૂકને માત કરનાર એ ચીજને હું ન ઓળખું ?

ગાંધીજીનો જવાબ સાંભળી સ્મટ્સ ખડખડ હસી પડ્યા. એ ચંપલ ગાંધીજીએ સ્મટ્સના કેદી તરીકે જેલમાં બનાવી હતી અને તેમને ભેટ આપી હતી. મહાપુરુષની એ ભેટ સ્મટ્સે સંઘરી રાખી હતી.

### ૮૦ - ગાડી પાટા પર આવશે ખરી !

એક વાર સરદાર અને ગાંધીજી દાહોદની એક જાહેરસભામાં જઈ રહ્યા હતા. તે જ દિવસે છાપામાં ઈન્દુલાલ યાજ્ઞિકે ગાંધીજી વિશે એક લેખ લખ્યો હતો. તે લેખ તરફ સરદારે ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું. એ સાંભળી ગાંધીજી હસીને બોલ્યા,

આજે તો ગાડી પાટા પરથી ઉતરી ગઈ છે. પછી કોઈક વાર પાટા પર આવી જશે ખરી.

### ૮૧ - યુધિષ્ઠિર અને કૂતરો


બીજા વિશ્વયુદ્ધની શરૂઆતમાં ગાંધીજી અને કોંગ્રેસ કારોબારી વચ્ચે એક તાત્ત્વિક મતભેદ ઊભો થયો હતો. તેથી ગાંધીજી તેમના સાથીઓને કહેતા કે મને છોડી દો. અંતે ૧૯૪૦માં તેઓ કોંગ્રેસથી છૂટા થયા.

ગાંધીજીના જીવનમાં આ એક મહત્ત્વનો બનાવ હતો. નેતાઓ વ્યાવહારિકતાની ભૂમિ પર રહેલી નબળાઈ વ્યક્ત કરતા હતા. ગાંધીજી ધર્મનિષ્ઠ હતા. વાતાવરણ ગંભીર હતું. એમાંથી કંઈક માર્ગ શોધવાની આશાએ બિરલાજીએ કહ્યું, બાપુ ! યુધિષ્ઠિર જ્યારે સ્વર્ગમાં ગયા ત્યારે એમના સાથીઓ જેમ એક એક કરી પડતા ગયા એવી જ આપની સ્થિતિ છે. જેમ જેમ આપ આગળ વધો છો, ઊંચે ચડો છો, તેમ તેમ આપના સાથીઓ પાછળ પડતા જાય છે. થાકના માર્યા પડતા જાય છે.

સુશીલ નય્યરે મજાકમાં ઊમેર્યું, પણ યુધિષ્ઠિર સાથે કૂતરો તો રહ્યો હતો બાપુ ! આ દૃષ્ટાંત પ્રમાણે સ્વર્ગમાં પહોંચનાર કૂતરો કયો હશે ?

ગાંધીજી : અરે ! પણ પહેલું એ કહો કે અહીં યુધિષ્ઠિર કોણ છે ?

ગાંભીર્યની રેખા બધાંના ચહેરા પરથી દૂર થઈ અને બધાં જ આ મજાકથી ખડખડાટ હસી પડ્યાં



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર


## અમદાવાદમાં ઉદય ઈન્ડિયા ચેસ ચેમ્પિયનશીપ યોજાઈ




ગાંધીનગર, તા. ૧૫

ઉદય ઈન્ડિયા ચેસ ટ્રોફીનું આયોજન ફીશર ચેસ કલબ દ્વારા ચેસ એકેડેમી, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ હતું. આ ટ્રોફીમાં અન્ડર-૯, અન્ડર-૧૩ અને અન્ડર-૧૭ એમ કુલ ત્રણ ગ્રુપમાં ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. આ હરીફાઈનું સંચાલન અને સહયોગ આનંદ ચેસ એસોસીએશનનાં જોઈન્ટ સેક્રેટરી મનીષભાઈ તેમજ ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના વાઈસ પ્રેસીડન્ટ મયૂરભાઈ પટેલે કર્યુ હતું. ૧૦૦ જેટલા ખેલાડીઓએ જુદા જુદા ગ્રુપમાં ભાગ લીધો હતો. દરેક ગ્રુપમાં ૧૦ ટ્રોફી એનાયત કરવામાં આવેલ હતી તેમજ બે દિવસ બાળકોને નિઃશુલ્ક ભોજનનો પ્રબંધ ઉદય ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યો હતો. આ હરીફાઈમાં ગુજરાત સ્ટેટના ચેમ્પીયન અન્ડર-૭ કિયાન શાહે તેમજ દ્વિતીય ખેલાડી આરવ શાહે પણ ભાગ લીધેલ હતો. કુલ ૧૦ જેટલા ઈન્ટરનેશનલ રેટેડ ખેલાડીઓએ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. હરીફાઈ ખૂબ જ રસપ્રદ રહી હતી. ટુર્નામેન્ટના અંતે આનંદ ચેસ એસોસીએશન દ્વારા ઉદય ઈન્ડિયાનો તેમજ મીડીયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઈનામ વિતરણ સમારંભમાં ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના સેક્રેટરી ભાવેશ પટેલ તેમજ વાઈસ પ્રેસીડન્ટ મયૂર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદય ઈન્ડિયા તરફથી મનિષ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ આર્બિટર ધર્મેન્દ્ર પંડ્યા તેમજ ઈન્ટરનેશનલ આર્બિટર ઈન્દુભાઈ પરમાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## હરે કૃષ્ણ મંદિર ૧૮મીએ નૃસિંહ જયંતી ઉજવશે



ગાંધીનગર, તા. ૧૫

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા નૃસિંહ જયંતીની ઉજવણી તા. ૧૮મી મેના રોજ હાથ ધરવામાં આવી છે.

શ્રી નૃસિંહ જયંતિ એ નૃસિંહ ભગવાનના અવતરણ કે જેઓ અર્ધ સિહં અને અર્ધ માનવ તરિકે ,ભગવાનશ્રી કૃષ્ણના અવતારરૂપે, પોતાના ભક્ત શ્રી પ્રહલાદને તેના રાક્ષસરૂપી પિતા હિરન્યકશ્યપ સામે રક્ષણ આપવા અવતર્યા હતા તેની યાદગીરીરૂપે ઉજવવામાં આવે છે.

હિરન્યકશ્યપને બ્રહ્મા દેવ દ્વારા વિશેષ વરદાન પ્રાપ્ત થયું હતુ કે તેનો વધ કોઈ પણ મનુષ્ય, દેવ, પશુ કે બીજા કોઈ જીવ ના કરી શકે, ના કોઈ હથિયાર તેને ભેદી શકે, ના તો દિવસ દરમ્યાન કે ના તો રાત્રી સમયે તેનો વધ થઈ શકે. આથી અર્ધ સિહં અને અર્ધ માનવરૂપે તેનો સંહાર કરવા ભગવાનશ્રી નૃસિંહરૂપે અવતર્યા હતા અને બ્રહ્મદેવે આપેલ વરદાનને અનુસરતા પોતાના નખ દ્વારા સંધ્યા સમયે તેનો સંહાર કર્યા હતો.

વૈશાખ માસમાં શુકલ ચતુર્દશીએ સંધ્યા સમયે શ્રી નૃસિંહ ભગવાન અવતર્યા હતા. આ દિવસે ભક્તો સંધ્યા સમય સુધી ઉપવાસ રાખે છે.

સાંજના ૬ વાગે ભગવાનશ્રી લક્ષ્મી નૃરસિંહ દેવને નૃસિંહ યજ્ઞ અને અભિષેક અર્પણ કરાશે. સંધ્યા સમયે ઉત્સવ મૂર્તિઓ શ્રી શ્રી લક્ષ્મીનૃસિંહ ભગવાનને ભવ્ય અભિષેક અર્પણ કરવામાં આવશે.અભિષેક દરમ્યાન પંચગવ્યા, પંચામૃત, પવિત્ર જળ, ઔષધિયજળ, ચંદનનું જળ, ફળોના રસ, અને હળદર સાથે જળને મિશ્રિત કરીને ભગવાનની પ્રસન્નાર્થે આ બધા દ્વારા અભિષેક કરવામાં આવશે. ભક્તો દ્વારા શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ ખાસ સ્તુતિ કે જેનું ઉચ્ચારણ પ્રહલાદ મહારાજ દ્વારા ભગવાન નૃસિંહને હિરન્યકશ્યપના વધ બાદ તેમને સાંત્વના આપવા માટે ઉચ્ચારવામાં આવી હતી તેનું પઠન કરવામાં આવશે. ભવ્ય આરતી કરવામાં આવશે. સાત પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા ભગવાનશ્રીનો અભિષેક કરવામાં આવશે જે દરમ્યાન ભકતો ઋગવેદમાં વર્ણવેલ પુરુષસૂકતનું ગાન કરશે. દુષ્ટતા સામે સમાજનું રક્ષણ કરવા માટે નૃસિંહ યજ્ઞ કરવામાં આવશે.

રાત્રીના ૮.૧૫ વાગે મહામંગલા આરતી કરાશે. અભિષેક બાદ ભગવાનશ્રીને છપ્પન પ્રકારના ભોગ ધરવામાં આવશે. પછી અંતમાં મહામંગલા આરતી થતા ઉજવણી તેની પરિકાષ્ઠાએ પહોંચશે.

હરે કૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા સૌ ભાવિકોને આ ઉત્સવમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.